**પ્રજાને એક તરફ દ્વારકા રૂટની ‘લોલીપોપ’ તો બીજી તરફ શિરોહી સહિત પાંચ મહત્વના રૂટો બંધ કરાતા ભારે રોષ**

# પેટલાદના ધારાસભ્ય દ્વારા શરૂ કરાવાયેલો શિરોહી રૂટ ગણતરીના દિ’માં જ બંધ કરાયો

**લાંબા અંતરની** બસો બંધ થતાં ઓરમાયું વર્તન રાખવામાં આવતું હોવાની ચર્ચા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૯

પેટલાદના એસટી ડેપો દ્વારા છેલ્લા ઘણાં સમયથી પ્રજાની માંગણી મુજબના રૂટ ફળવાતા નથી. જે રૂટ શરૂ કરવામાં આવે છે એ ગણતરીના દિવસોમાં બંધ કરી દેવામાં આવે છે. જેને કારણે પ્રજાની લાગણી દુભાય છે. પેટલાદ પંથકના વૈષ્ણવજનો અને પંથકના પ્રવાસીઓ માટે તાજેતરમાં દ્વારકાનો નવો રૂટ શરૂ કરવા ધારાસભ્યએ લીલી ઝંડી આપી હતી. પરંતુ થોડા સમય પહેલા ધારાસભ્યએ જ શરૂ કરાવેલ શિરોહીનો રૂટ ગણતરીના દિવસોમાં જ ડેપો મેનેજરે બંધ કરી દીધેલ હોવાની વાત સામે આવી છે. જો કે શિરોહી સહિત દૂરના અંતર વાળા અન્ય ઘણા રૂટો બંધ કરી દેવાતા પેટલાદ પંથકની પ્રજા સાથે ઓરમાયું વર્તન રાખવામાં આવતું હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન બનવા પામી છે.



નડીયાદ એસટી ડિવીઝનમાં સમાવિષ્ટ પેટલાદ ડેપો વર્ષોથી કાર્યરત છે. આ ડેપોમાં લગભગ 140 જેટલા ડ્રાઈવર અને 140 જેટલા કંડક્ટર ફરજ બજાવે છે. આ ડેપો પાસે દૂરના અંતર વાળા રૂટ ખૂબ જ ઓછાં છે. જેથી, પેટલાદ પંથકની પ્રજા દ્વારા છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રને જોડતા અનેક રૂટોની માંગણીઓ વારંવાર કરવામાં આવતી હતી. જેમાં શ્રીનાથજી, દ્વારકા, જોધપુર, જયપુર, ઉજ્જૈન, શિરડી, મંડોર ઉપરાંત ગુજરાતના અનેક શહેરો ઝાલોદ, દાહોદ, વલસાડ, સારંગપુર સહિત અનેક રૂટની માંગણીનો સમાવેશ થતો હતો.

પેટલાદના ધારાસભ્ય અને રાજ્ય મંત્રી કમલેશ પટેલની રજુઆતને ધ્યાને લઈ ડિવીઝન દ્વારા શિરોહી માટે રૂટ ફાળવ્યો હતો. જે શરૂ થયાને ગણતરીના દિવસોમાં જ આવક નહીં થતી હોવાનું કારણ બતાવી બંધ કરી દેવામાં આવી છે. આ અગાઉ પેટલાદ થી સુરેન્દ્રનગર, શામળાજી, ગઢડા, હિંમતનગર, મહુડી વગેરે જેવા અનેક રૂટ પણ બંધ કરી દીધા હોવાનું જાણવા મળે છે. જે રૂટ બંધ કરી દેવામાં આવ્યા છે તે અન્ય સ્ટેશનો થઈને અથવા સમયમાં ફેરફાર કરીને ચલાવે તો પણ આવક વધી શકે તેમ હોવા છતાં બંધ કરી દેવાયા છે.

આ અંગે ડેપો મેનેજરે જણાવ્યું હતું કે, જે રૂટની આવક ઓછી હતી તે બંધ કરવામાં આવ્યા છે. આવા બંધ કરેલ રૂટની બસો નજીકના ગામડાંઓને ફાળવવામાં આવ્યા છે જેનો લાભ લોકોને મળી રહ્યો છે. ઉપરાંત ડ્રાઈવર અને કંડક્ટરના મંજુર મહેકમ સામે ઘણી જગ્યાઓ ખાલી હોવાથી અગવડ પડી રહી છે.

## કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલના એમ. એસ. પટેલ કેન્સર સેન્ટરનો સ્થાપના દિન ઉજવાયો



કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ સંચાલિત મણિભાઈ શિવાભાઈ પટેલ કેન્સર સેન્ટરના ૨૨મા સ્થાપના દિવસ અને સ્થાપક સ્વ. ડો. એચ.એમ. પટેલની ૧૨૨મી જન્મજયંતી નિમિત્તે ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે કેન્સર સામે લડત આપનારા દર્દીઓ માટે સ્નેહમિલન અંતર્ગત નવી આશા નવા સ્વપ્ન સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ નાટક અને નૃત્ય દ્વારા સુંદર સંદેશ રજૂ કર્યો હતો. સેન્ટરના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓને હોસ્પિટલમાં પૂરી પાડવામાં આવતી અદ્યતન કીમોથેરાપી, રેડિયેશન, સર્જીકલ સેવાઓ તેમજ પેલિયેટીવ કેર વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કેન્સરને સફળતાપૂર્વક માત આપનાર દર્દીઓએ મંચ પર આવીને પોતાના સારવારના અનુભવો વહેંચી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, જે અન્ય દર્દીઓ માટે પ્રેરણારૂપ બન્યા હતા.

# આણંદમાં ખેલ મહાકુંભ માટે આજથી રજિસ્ટ્રેશનનો પ્રારંભ

**દિવ્યાંગ** ખેલાડીઓ માટે ખાસ ‘સ્પેશિયલ ખેલ મહાકુંભ’ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

રાજ્યના સૌથી મોટા રમતગમત ઉત્સવ ‘ખેલ મહાકુંભ ૨૦૨૬’ માં ભાગ લેવા માટે આજથી એટલે કે ૨૯મી ઓગસ્ટથી ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ થઈ ચૂક્યો છે. રમતવીરો આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી પોતાની સત્તાવાર નોંધણી કરાવી શકશે.

આ વર્ષે ખેલ મહાકુંભના ભવ્ય આયોજનમાં કુલ ૩૯ વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રમતગમત ક્ષેત્રે તમામ વર્ગોને સમાન તક આપવાના ઉદ્દેશ્ય સાથે દિવ્યાંગ ખેલાડીઓ માટે અલગથી ‘સ્પેશિયલ ખેલ મહાકુંભ’ નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનનારા ખેલાડીઓને આકર્ષક રોકડ પુરસ્કાર જીતવાની સુવર્ણ તક મળશે, જેની સાથે રમતવીરોને અન્ય સરકારી યોજનાઓનો સીધો લાભ પણ મળવાપાત્ર રહેશે.

ખેલ મહાકુંભ ૨૦૨૬ માં ભાગ લેવા ઉત્સુક તમામ ખેલાડીઓ સત્તાવાર વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પર જઈને પોતાની નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત, રજિસ્ટ્રેશન અંગેની વધુ માહિતી અથવા કોઈપણ પ્રકારની પૂછપરછ અને સહાયતા માટે ટોલ ફ્રી નંબર 1800 274 6151 પર સંપર્ક કરી શકાશે.

**આણંદ અને કરચિયા યાર્ડના વ્યાપક નિરીક્ષણ બાદ રેલ પ્રબંધકનો આદેશ**

# રેલની સુરક્ષામાં સહેજ પણ બેદરકારી નહીં ચલાવાય: ડીઆરએમની તાકીદ

**પ્રતાપનગર-ખંભાત** રેલખંડની વિન્ડો ટ્રેનિંગ સમીક્ષા કરાઈ

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૯



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેએ આણંદનું વ્યાપક સંરક્ષા નિરીક્ષણ હાથ ધર્યું હતું. રેલ પરિચાલન સંબંધિત વિવિધ સુરક્ષા વ્યવસ્થાઓની ઊંડાણપૂર્વક સમીક્ષા કર્યા બાદ રેલ પ્રબંધકે કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે, રેલવે ઓપરેશનમાં સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને નિયમોના પાલનમાં કોઈપણ સ્તરે સહેજ પણ બેદરકારી સાંખી લેવામાં આવશે નહીં.

પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, આ નિરીક્ષણ પ્રક્રિયા દરમિયાન કરચિયા યાર્ડમાં ખાસ કરીને માલગાડીઓના સુરક્ષિત સંચાલન સાથે સંકળાયેલા પાસાઓ ચકાસવામાં આવ્યા હતા અને તમામ નિર્ધારિત સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન સુનિશ્ચિત કરવા આદેશ અપાયો હતો. બીજી તરફ, આણંદ યાર્ડમાં સિગ્નલિંગ પ્રણાલીની સમીક્ષા કરીને ટ્રેકના વિવિધ પરિમાણોનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન ડીઆરએમ રાજુ ભડકેએ પ્રતાપનગર-કરચિયા-આણંદ-ખંભાત રેલખંડનું વિન્ડો ટ્રેનિંગ નિરીક્ષણ કર્યું હતું અને ખંભાત સ્ટેશનની વ્યવસ્થાઓની પણ પ્રત્યક્ષ ચકાસણી કરી હતી. વડોદરા મંડળ દ્વારા મુસાફરો તેમજ ગુડ્સ ટ્રાન્સપોર્ટની સગવડ માટે નિયમિત સમીક્ષા કરીને ઉચ્ચતમ સુરક્ષા ધોરણો જાળવવામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

# બોરસદ પાલિકામાં ૩૧ જગ્યા માટે ૨૦૦ ઉમેદવાર પહોંચ્યા

**ઈજનેર,** સેનેટરી ઇન્સ્પેક્ટર, કોમ્પ્યુટર ઓપરેટર, વાયરમેન સહિત ૧૧ કેટેગરીમાં ભરતી પ્રક્રિયા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

બોરસદ નગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોમાં એપ્રેન્ટીસશીપ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકા કચેરી ખાતે યોજાયેલી ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં ઉમેદવારો ઉપસ્થિત રહેતા કચેરી પરિસરમાં દિવસ દરમિયાન ધમધમાટ જોવા મળ્યો હતો.

બોરસદ નગરપાલિકા દ્વારા ઈજનેર, સેનેટરી ઈન્સ્પેક્ટર, કોમ્પ્યુટર ઓપરેટર, વાયરમેન સહિત કુલ ૧૧ જેટલી કેટેગરીમાં એપ્રેન્ટીસશીપ માટે કુલ ૩૧ જગ્યાઓ ભરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ આપવા માટે બોરસદ શહેર ઉપરાંત તાલુકાના વિવિધ ગામો તેમજ આસપાસના વિસ્તારોમાંથી ૨૦૦ કરતાં વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

ભરતી પ્રક્રિયા અંતર્ગત ઉમેદવારોના શૈક્ષણિક લાયકાત, ટેકનિકલ કૌશલ્ય તેમજ સંબંધિત ક્ષેત્રની યોગ્યતાને ધ્યાને લઈ ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉમેદવારો હાજર રહેતા નગરપાલિકા કચેરી ખાતે ઉમેદવારોની અવરજવર જોવા મળી હતી. બોરસદ પાલિકાની ભરતીમાં ઉમેદવારોની સંખ્યા જોઈ અધિકારીઓ પણ ચોંકી ગયાં હતાં.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વિદ્યાનગરના ભગતસિંહ યુથ કાઉન્સિલની દીકરીઓએ રક્ષાબંધ નિમિત્તે રક્ષાકવચ બાંધ્યું

**આણંદ |** ભગતસિંહ ઓલ ઇન્ડિયા યુથ કાઉન્સિલ દ્વારા દેશની સુરક્ષા કાજે સરહદો પર ફરજ બજાવતા વીર જવાનો સાથે રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.



સરહદ સુરક્ષાની સાથે સરહદોની અંદર વિદ્યાર્થીઓને સેલ્ફ ડિફેન્સ અને દેશભક્તિના પાઠ ભણાવતા જવાનોની કલાઈ પર કાઉન્સિલની દીકરીઓએ સ્નેહનું રક્ષાકવચ બાંધ્યું હતું. દેશની માટી અને પરિવારોની સુરક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનારા જવાનો પ્રત્યે દીકરીઓએ રક્ષા કવચ બાંધીને પોતાની પવિત્ર ફરજ અદા કરી હતી. આ ઉજવણી માત્ર તહેવાર પૂરતી સીમિત નથી, પરંતુ દેશના રક્ષકો પ્રત્યે સન્માન, કૃતજ્ઞતા અને અખંડ ભાઈચારો વ્યક્ત કરવાનો એક સુંદર સંકલ્પ છે.

### નડિયાદના સક્ષમ સેન્ટર ખાતે દિવ્યાંગ ભાઈ-બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઇ

**આણંદ |** ખેડા જિલ્લાના નડિયાદમાં દિવ્યાંગો માટે રક્ષાબંધન પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી તમામ પ્રકારના દિવ્યાંગો માટે કાર્યરત સંસ્થા ‘સક્ષમ’ ખાતે યોજાઈ હતી. આ અંતર્ગત સક્ષમ દિવ્યાંગ થેરાપી સેન્ટર અને સક્ષમ ફ્રી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તમામ પ્રકારના દિવ્યાંગ ભાઈ-બહેનોએ એકત્રિત થઈને ઉત્સાહપૂર્વક રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com

### પાળજ સ્વામીનારાયણ મંદિરે રાખડીઓનો અદભૂત હિંડોળો આકર્ષણનું કેન્દ્ર બન્યો

**પેટલાદ |** પાળજ બીએપીએસ સ્વામીનારાયણ મંદિરે રક્ષાબંધન પર્વ નિમિત્તે ઠાકોરજીના પારણાને અવનવી આકર્ષક રાખડીઓ તથા સૂત્રોથી સજાવવામાં આવ્યું છે. સનાતન હિંદુ ધર્મના હિંડોળા પર્વ અંતર્ગત અહીં આકર્ષક રાખડીઓનો અદ્ભુત હિંડોળો તૈયાર કરીને સુંદર દર્શનનું આયોજન કરાયું છે. પાળજના મહિલા અને યુવતી મંડળે પોતાની કલા સૂઝનો ઉપયોગ કરી દરરોજ અવનવા કલાત્મક હિંડોળા બનાવી અનોખો ભક્તિ ભાવ દર્શાવ્યો છે. ઠાકોરજીના આ અલૌકિક અને ભક્તિસભર હિંડોળા દર્શનનો લાભ લઈ દર્શનાર્થીઓ ભારે ધન્યતા અનુભવી રહ્યા છે.



### નડિયાદના મરીડા ગામની આંગણવાડીમાં રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઇ

**નડિયાદ |** નડિયાદ ઘટક સેજા-૨ ના મરીડા ગામે આવેલ આંગણવાડી કેન્દ્રમાં રક્ષાબંધન પર્વની ભવ્ય અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાની-નાની બાળકીઓએ ઉત્સાહભેર પોતાના ભાઈઓના કાંડા પર રક્ષાસૂત્ર (રાખડી) બાંધી તેમના દીર્ઘાયુની મંગલ કામના કરી હતી. આંગણવાડીના બહેનો દ્વારા બાળકોને તહેવારના સાંસ્કૃતિક મહત્વ અને ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ વિશે સરળ સમજ આપવામાં આવી હતી. સુંદર શણગાર અને બાળકોનો ઉત્સાહ જોઈ વાલીઓ પ્રભાવિત થયા હતા, જ્યારે સંચાલકોએ આ કાર્યક્રમને બાળકોમાં સંસ્કાર સિંચનનું ઉત્તમ માધ્યમ ગણાવ્યું હતું.



### ગુરુકૃપા વિશિષ્ટ શાળામાં માનસિક અશક્ત બાળકો દ્વારા રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણી



**આણંદ |** આણંદની સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત ગુરુકૃપા નિવાસી શાળામાં માનસિક અશક્ત બાળકો અને યુવકો માટે રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શાળાના નિયામક જિગ્નેશ ઠક્કર અને પૂનમ ઠક્કરની આગેવાનીમાં વિશેષ બાળકો દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રશિક્ષકોએ ઉપસ્થિત તમામ માનસિક અશક્ત બાળકો અને યુવકોને રક્ષાબંધન તહેવારનો મહિમા અને તેનું મહત્વ સમજાવ્યું હતું. આ પવિત્ર અવસરે બહેનોએ ભાઈઓને રાખડી બાંધીને પરસ્પર રક્ષા અને સ્નેહના પ્રતીક સમાન પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

### નાવલીના જીયો આનંદ ધામ વૃદ્ધાશ્રમ ખાતે આણંદ રૂરલ પોલીસ પરિવારે વડીલો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી



**આણંદ |** રામકૃષ્ણ સેવા મંડળ જીયો આનંદ ધામ વૃદ્ધાશ્રમ નાવલી ખાતે રક્ષાબંધન તહેવારની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે આણંદ રૂરલ પોલીસ સ્ટેશન પરિવાર દ્વારા વૃદ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન પોલીસ પરિવારના સભ્યો દ્વારા વૃદ્ધાશ્રમમાં રહેતા તમામ સિનિયર સિટીઝન (વડીલો)ને મળવામાં આવ્યું હતું. પોલીસ પરિવારે તમામ વડીલોની મુલાકાત લઈ તેમની સાથે ખૂબ જ સુંદર રીતે રક્ષાબંધન તહેવારની ઉજવણી કરી હતી.

### પેટલાદની એન. કે. પટેલ હાઈસ્કૂલમાં મિશન સુરક્ષિત શક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**પેટલાદ |** પેટલાદ તાલુકાની એન. કે. પટેલ હાઈસ્કૂલ ખાતે નાયબ પોલીસ અધીક્ષક શ્રી એચ. બી. વાઘેલાના અધ્યક્ષ સ્થાને મિશન સુરક્ષિત શક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એચ. બુલાનસા તથા મહિલા પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ ટીમ દ્વારા શાળાના ધોરણ ૬ થી ૧૨ ના બાળકોને એકત્રિત કરી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને સાયબર જાગૃતિ, ગુડ ટચ-બેડ ટચ તેમજ ટ્રાફિક અવેરનેસ અંગે વિગતવાર માહિતી આપીને સુરક્ષા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા.



### સંતરામપુર સબ જેલ ખાતે રક્ષાબંધન પર્વની ભાવભીની ઉજવણી કરાઈ

**સંતરામપુર |** સંતરામપુર સબ જેલ ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે કેદીઓ માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેલમાં વિવિધ ગુના હેઠળ સજા કાપી રહેલા કેદી ભાઈઓને તેમની બહેનોએ રૂબરૂ આવીને રાખડી બાંધી હતી. આ પવિત્ર તહેવાર પર ભાઈ-બહેનના સ્નેહ મિલનની લાગણીસભર ક્ષણોથી જેલ પરિસરમાં અત્યંત ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. બહેનોની આંખોમાં છલકાયેલો પ્રેમ જોઈને જેલના સ્ટાફ સહિત ત્યાં ઉપસ્થિત તમામ લોકોની આંખો પણ નમ થઈ ગઈ હતી.



### વીરપુરની આર્ટ્સ કૉલેજમાં ‘સંસ્કૃત સંભાષણ દિન’ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



**વીરપુર |** કે. સી. શેઠ આર્ટ્સ કોલેજમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તથા વિરપુર પ્રશાસનના સહયોગથી સંસ્કૃત સપ્તાહ અંતર્ગત ‘સંસ્કૃત સંભાષણ દિન’ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સરળ સંસ્કૃતમાં ગીત, શ્લોકગાન, નાટક, પ્રશ્નોત્તરી અને સંભાષણ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મુખ્ય વક્તા જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ અને મામલતદાર સંદીપભાઈ પટેલે સંસ્કૃતને જ્ઞાન-વિજ્ઞાન, વ્યાકરણ અને ભારતીય વિરાસતની મહત્ત્વની સંવાહક ભાષા ગણાવી હતી. કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈએ તેને સંસ્કારની ભાષા ગણાવી તેનું મહત્વ સમજાવ્યું હતું, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. નૈતિકભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

### વીરપુરની કે.સી. શેઠ આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃત કક્ષનું વિધિવત્ પ્રારંભ કરાયો

**વીરપુર |** રાજ્ય સંસ્કૃત બોર્ડની પ્રેરણાથી વિરપુરની કે.સી. શેઠ આર્ટ્સ કોલેજમાં સંસ્કૃત ભાષાના શિક્ષણને સરળ, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય બનાવવા માટે સંસ્કૃત કક્ષની સ્થાપના કરવામાં આવી છે. કપડવંજ કોલેજના પ્રો. જિતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટના હસ્તે આ સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન વિધિવત્ રીતે સંપન્ન થયું હતું. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ શુક્લ, મામલતદાર સંદીપભાઈ પટેલ અને આચાર્ય ડો. સુજીત ત્રિપાઠી સહિતના અગ્રણી મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ નવીન પહેલથી કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાને વધુ રસપ્રદ રીતે સમજવાની અને શીખવાની ઉત્તમ તક મળશે.



### નડિયાદની એન. ડી. દેસાઈ મેડિકલ કોલેજમાં એન્ટી-રેગિંગ કાઉન્સેલિંગ સેશન યોજાયું

**નડિયાદ |** નડિયાદ સ્થિત એન. ડી. દેસાઈ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ (અનુસ્નાતક) વિદ્યાર્થીઓ માટે ખાસ એન્ટી-રેગિંગ જાગૃતિ અને કાઉન્સેલિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડીન ડોક્ટર અરુણ વ્યાસના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સત્રમાં મેડિકલ કેમ્પસને સંપૂર્ણ સુરક્ષિત અને ભયમુક્ત બનાવવા માટે કોલેજ પ્રશાસનની ‘ઝીરો ટોલરન્સ’ નીતિ વિશે માર્ગદર્શન અપાયું હતું. કોલેજના સુપરિન્ટેન્ડન્ટ ડોક્ટર પુકુર ઠેકડીએ કાર્યભાર અને તણાવ વચ્ચે સંતુલન જાળવવા અંગે તથા ડોક્ટર અનુજ મોદીએ સરકારી નિયમો અને હેલ્પલાઇન સેન્ટર વિશે માહિતી આપી હતી.

